**પ્રાશિનિ/ચ-૧/પ્રવેશ/૨૩-૨૪/**૨૭૮૫-૨૮૩૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૬/૦૬/૨૦૨૩

**પ્રતિ,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: બાલવાટિકામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના નામાંકનની નોંધણી બાબત.**
**સંદર્ભ: રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના..**
**(૧) તા. ૨૫/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૨૧/૫૦૩/ન તથા**
**(૨) તા. ૧૫/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: PPS/1023/171/N.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ-૧ અન્વયે રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તથા સંદર્ભ-૨ અન્વયે રાજ્યની સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ કે જે ધોરણ-૧ થી શરુ થતી હોય તેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી બાલવાટિકા શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ છે. પહેલી જૂનના રોજ ઉંમરના ૫ (પાંચ) વર્ષ પૂર્ણ થયેલ હોય, પરંતુ ૬ (છ) વર્ષ પૂર્ણ ના કરેલ હોય તેવા બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવાનો થાય છે.

આવા બાલવાટિકામાં પ્રવેશ પામેલા બાળકોના નામાંકનની નોંધણી બાબતના પ્રશ્નો ઘણા જિલ્લાઓમાંથી અત્રેની કચેરીએ ઉપસ્થિત થયા હતા. આથી આ સંદર્ભે જાણ કરવામાં આવે છે કે બાલવાટિકામાં પ્રવેશ પામેલ બાળકોના નામાંકનની નોંધણી શાળાના સામાન્ય વયપત્રક (General Register)માં તથા સમગ્ર શિક્ષા સંચાલિત CTS (ચાઇલ્ડ ટ્રેકિંગ સીસ્ટમ)માં કરવાની રહેશે. આ સૂચનાની જાણ આપના તાબા હેઠળની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓને સત્વરે કરી સૂચનાનો અમલ કરાવવા જણાવવામાં આવે છે.

**નાયબ નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ.રા. ગાંધીનગર.**

**નકલ સવિનય રવાના**
* અંગત સચિવશ્રી માન. સચિવશ્રી (પ્રા. અને મા.શિ.)નું કાર્યાલય શિક્ષણ વિભાગ......
(માન. સચિવશ્રીના ધ્યાને મૂકવા સારૂ....)